# FIRST INFORMATION REPORT

## પ્રથમ માહિતી અહેવાલ

## (Under Section 154 Cr.P.C.)

## (ફોજદારી કાર્યસંહિતાની કલમ 154 હેઠળ.)

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| District (જીલ્લો) | કચ્છ પૂર્વ- ગાંધીધામ | Police Station (પોલીસ સ્ટેશન) | કંડલા મરીન | Year (વર્ષ) | 2024 | FIR No. (પ્ર.મા. અ.ક્રમાંક) | 11993013240042 | Date (તારીખ) | 12/03/2024 |

2 (i) Act (અધિનિયમ): આઈ પી સી — Sections (કલમો): 407,435,114

3 (a) Occurrence of offence:
(ક) (ગુન્હો બન્યાનો સમયગાળો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| Day. (દિવસ) | ગુરુવાર | Date from (તારીખથી) | 07/03/2024 | Date to (તારીખ સુધી) | 09/03/2024 |
| Time Period (સમયગાળો) | | Time from (કલાકથી) | 10:00 | Time to (કલાક સુધી) | 10:00 |

(b) (ખ) Information received at PS: (પોલીસ મથકે માહિતી મળ્યા) — Date (તારીખ): 12/03/2024 — Time (સમય): 20:15

(c) (ગ) General Diary Reference:Entry No. (સ્ટેશન ડાયરી સંદર્ભ: એન્ટ્રિ નં) — Time (સમય):

4 Type of Information:(માહિતીનો પ્રકાર) પોલીસ સ્ટેશનમાં લખીને મોકલેલ

5 Place of Occurrence:
(ઘટનાનું સ્થળ)

(a) (ક) Direction and distance from P.S. (પોલિસ સ્ટેશનથી દિશા અંતર): પૂર્વ ,5.00 (કિ.મી.) — Beat No. (બીટ નંબર):

(b) (ખ) Address (સરનામું):
આહીર સોલ્ટ કંડલા,
ગામ. કંડલા,
તા. ગાંધીધામ,
જી. કચ્છ પૂર્વ- ગાંધીધામ.

(c) In case, outside the limit of this Police Station, then
(ગ) (પોલીસ સ્ટેશનની હદની બહાર હોય તો તે પોલીસ સ્ટેશનનું નામ)

Name of P.S. (પોલીસ સ્ટેશનનું નામ) — District (જીલ્લો)

6 Complainant/Informant:
(ફરિયાદી / બાતમીદાર)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (a) (ક) | Name (નામ) | બિપીનભાઈ નારણભાઈ મ્યાત્રા | (b) (ખ) | Father's/Husband's Name (પિતા/પતિનું નામ) | નારણભાઈ મ્યાત્રા | | |
| (c) (ગ) | Date/Year of Birth (જન્મ તારીખ / વર્ષ) | | 40 | (d) (ઘ) | Nationality (રાષ્ટ્રીયતા) | ભારતીય | |
| (e) (ઙ) | | | | | | | |
| (f) (ચ) | Occupation (ધંધો) | અન્ય | (g) (છ) | Address (સરનામું) | .મ્યાત્રા ફળીયુ,અંતરજાળ તા-ગાંધીધામ મો.નં.૯૭૩૭૭૬૨૩૫૭, ગામ. અંતરજાળ, તા. ગાંધીધામ, જી. કચ્છ પૂર્વ- ગાંધીધામ. | | |

7 Details of known/suspected/unknown accused with full particulars:
(Attach seperate sheet, if necessary)
(ઓળખાયેલ/શકમંદ/વણઓળખાયેલ આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)
(જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી)

| | Accused Name (તહોમતદારનું નામ) | Age(Approx.) (ઉમર) (આશરે) | Address (સરનામું) |
|---|---|---|---|
| (1) | જી.જે.12.બી.વાય.4781 વાળીનો ડ્રાઈવર નીમ્બારામ બનીય | | ટકુબેરી કમથાની , જી. બારમેર, ટકુબેરી કમથાની તા-ગુડમલાની જિ-બાડમેર રાજ્ય-રાજસ્થાન મો.નં.૯૦૦૧૧૮૪૧૩૯ તથા . |
| (2) | ગોદારા હોટલ સિરોહી નો માલીક ભોમસિંહ | | |
| (3) | સુરેન્દ્ર નામનો ગોદારા હોટલનો માણસ | | |
| (4) | ડ્રાઈવર ખાનુખાન સજ્જનખાન | | રતેઉ, જી. બારમેર, બાયતુ જિ-બાડમેર મો.નં.૯૯૨૯૪૨૫૦૭૬ . |
| (5) | નિઝામખાન | | ભુકાભગતસિંહ, જી. બારમેર, સિણધરી જિ-બાડમેર મો.નં.૯૯૫૦૦૩૨૭૮૬ . |

8 Reasons for delay in reporting by the complainant/Informant
(ફરિયાદી/બાતમીદાર તરફથી ગુન્હાની જાણ કરવામાં વિલંબ થવાના કારણો)

ફરીયાદ મોડી કરવાનું કારણ એ છે કે અમો ઉપરોક્ત ટેન્કરની પલ્ટી ખાધા બાબતે શંકાસ્પદ લાગેલ જે બાબતે અમો તથા કંપની દ્વારા તપાસ કરતા હોઈ તેમજ આ બનાવ રાજસ્થાન ખાતે બનેલ હોઈ જેથી અમોએ ફરીયાદ મોડી કરેલ છે.

9 Particulars of properties stolen(Attach seperate sheet, if necessary)
(ચોરાયેલી/ગુન્હામાં સંડોવાયેલ ચીજ વસ્તુઓની વિગતો) (જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી).

10 Total value of property stolen

(ચોરાયેલી / ગુન્હામા સંડોવાયેલ ચીજ વસ્તુઓની કુલ કિમંત
)

11 Inquest Report/U.D. case No. if any
(મૃત્યુ વિષયક તપાસ અહેવાલ / અકુદરતી મોતનો નંબર હો
ય તો તે)

12 First Information contents(Attach seperate sheet, if required)
(પ્રથમ માહિતી અહેવાલની વિગતો)(જરૂર જણાયતો અલાયદો કાગળ જોડવો)

- ગુન્હો ઈ.પી.કો.ક. કલમ-૪૦૭,૪૩૫,૧૧૪ મુજબ તે એવી રીતે કે આ કામેના કોલમ નં-૨ માં જણાવેલ આરોપીઓએ આ કામના ફરી.ની કંપની દ્વારા મોકલેલ કેમીકલ રજી નં.GJ-12-BY-4781 વાળા ટેન્કરમાં ટોલયન (Toluene) નામનું કેમીકલ ૨૪.૯૬૦ મેટ્રીક ટન કેમીકલ જે પૈકી ૧ મેટ્રીક ટન કેમીકલની કિ.રૂ.૭૯,૫૦૦ એમ કુલ્લે ૨૪.૭૬૦ મેટ્રીક ટન કેમીકલની કિ.રૂ.૧૯,૮૪,૩૨૦/-નું કેમીકલ ભરેલ ર.જી નં.GJ-12-BY-4781 વાળીમાં આગ લગાડી ટેન્કરને નુકશાન કરી તથા એકબીજાને મદદગારી કરી નિયત જગ્યાએ ન પહોચાડી વિશ્વાસધાત કરી ગુનો કર્યા બાબત.

Complaint(ફરિયાદ)

તા.૧૨/૦૩/૨૦૨૪

મારૂ નામ બિપીનભાઈ પિતાજીનું નામ નારણભાઈ જાતે-મ્યાત્રા ઉ.વ.૪૦ ધંધો-પ્રા.નોકરી રહે.મ્યાત્રા ફળીયુ,અંતરજાળ તા-ગાંધીધામ મો.નં.૯૭૩૭૭૬૨૩૫૭.

રૂબરૂમા આવી જાહેર કરી મારી ફરીયાદ હકીકત લખાવુ છુ કે, હુ ઉપર જણાવેલ સરનામે રહુ છુ અને ગાંધીધામ મુકામે આવેલ ટેકર એસો. બિલ્ડીંગ ટ્રાન્સપોર્ટનગર ખાતે ઓફીસ નં-૩૦ છે અને ડિવાઇન લોજીસ્ટીક નામની ટ્રાંસપોર્ટ કંપનીમાં મેનેજર તરીકે છેલ્લા ૦૪ વર્ષથી નોકરી કરૂ છું અને અમારૂ કામ ડ્રાઈવર તથા ટ્રકોના એક્સીડેન્ટ સંબંધીત કામગીરી સંભાળવાની કામગીરી મારી છે અને અમારી ડિવાઇન લોજીસ્ટીક ટ્રાંસપોર્ટ અંદાજીત ૨૦૦ ટ્રક-ટેન્કર છે જે આખા દેશમાં અલગ-અલગ કેમીકલ ટ્રકો-ટેન્કર મારફતે મોકલી આપવાનું કામ કરે છે.

ગત તા.૦૭/૦૩/૨૦૨૩૨૦૨૩ના રોજ અમારી ડિવાઇન લોજીસ્ટીક ટ્રાંસપોર્ટને BLJ રીસોર્સ & કેમીકલ પ્રા.લી. કંપનીમાં ગાજીયાબાદ (ઉ.પ્રદેશ) ખાતે ટોલયન (Toluene) નામનું કેમીકલ પ્રેયોન્સા કેમીકલ નામની કંપની દ્વારા આહીર સોલ્ટ કંપની કંડલા ખાતેથી ભરીને મોકલવા માટે ડી.ઓ. મળેલ હોઇ જેથી અમારી ડિવાઇન લોજીસ્ટીક ટ્રાંસપોર્ટ દ્વારા તેઓને રજી નં.GJ-12-BY-4781 નામની ટેંકર ભાડેથી આપેલ જેના ડ્રાઈવર તરીકે નીમ્બારામ બનીયારામ રહે-ગામ-ટકુબેરી કમથાની તા-ગુડમલાની જિ-બાડમેર રાજ્ય-રાજસ્થાન જેના મો.નં.૯૦૦૧૧૮૪૧૩૯ તથા તેનો લાઇસન્સ નં-RJ04/20150004164/રાજસ્થાન વાળાને અમારી ઓફીસના લોડીંગ વિભાગમાંથી ગાડી ભરવા માટેની જાણ કરતા તે ડ્રાઈવર ગત તા.૦૭/૦૩/૨૦૨૪૨૦૨૪ના રોજ સવારે ૧૦ વાગ્યે ગાડી ભરવા માટે કંડલા ગયેલ હતો અને બાદ તેણે આહીર સોલ્ટ કંપનીમાં કેમીકલ ભરેલ જેનો ગેટપાસ મોકલી આપેલ જેમાં ટોલયન (Toluene) કેમીકલ જેનું ગ્રોસ વજન ૩૮.૭૦૦ એમ.ટી. તથા ટેર વજન ૧૩.૭૪૦ એમ.ટી. તથા નેટ વજન ૨૪.૯૬૦ એમ.ટી. હોઇ જેનું ઇ-વે બિલ બની જતા ગાડી રજી નં.GJ-12-BY-4781 વાળીને ડ્રાઈવર નીમ્બારામ બનીયારામ વાળાને એ જ દિવસે સાંજે આશરે સાતેક વાગ્યે ગાજીયાબાદ (ઉ.પ્રદેશ) ખાતે જવાના રવાના થયેલ હતો અને ડ્રાઈવરને ખર્ચ પેટે રોકડ રૂ.૭૫૦૦/- આપેલ હતા અને બાદ ગાડી અંદાજીત ૪ દિવસમાં ગાજીયાબાદ (ઉ.પ્રદેશ) ખાતે પહોચી જતી હોય છે પરંતુ તે તા.૦૮/૦૩/૨૦૨૪ સુધી જી.પી.એસ. ટ્રેક કરનાર કર્મચારી શામજીભાઇ દ્વારા ચેક કરેલ ત્યારે પોતાના નિયત માર્ગ ઉપર સિરોહી રાજસ્થાન ખાતે હતી અને બાદ ગત તા.૦૯/૦૩/૨૦૨૪૨૦૨૪ના રોજ અમારી કંપનીના અન્ય ડ્રાઈવર ભીયારામ મો.નં.૮૯૫૮૮૭૩૯૦૦ વાળાએ કંપનીના ગોપાલભાઈને જાણ કરેલ કે આપણી કંપનીની રજી નં.GJ-12-BY-4781 વાળી કિરવા ગામથી આગળ ૩ કી.મી. આગળ પાલી તરફ રોડ ઉપર સળગેલી હાલતમાં ઉભેલ છે જેથી તેમણે મને આ બાબતેની જાણ કરતા મે ભીયારામને ફોન કરીને આ બાબતે પુછતા તેણે જણાવેલ કે ગાડી રોડ ઉપર પલ્ટી ખાઇ ગયેલ છે અને સળગેલી છે અને તેના ડ્રાઈવરને હોસ્પીટલ લઇ ગયેલ છે અને બાદ થોડીવારમાં ડ્રાઈવર નીમ્બારામ બનીયારામ વાળો આવી ગયેલ હોઇ જેથી ડ્રાઈવર ભીયારામ વાળાએ મારી તેની સાથે વાતચીત કરાવેલ હતી અને ડ્રાઈવર નીમ્બારામ બનીયારામ વાળાએ જણાવેલ કે રોડની વચ્ચે ગાય આવી જતા ગાડી પલ્ટી ખાય ગયેલ છે અને તેને કોઇ ઇજા થયેલ ન

થી તેવી વાત કરેલ અને બાદ અમોએ કંપનીના માણસોને વાત કરેલ જેથી મને ત્યાં જવાનું કંપની દ્વારા જણાવેલ જેથી હું સવારે જ ત્યાં જવા નિકળી ગયેલ હતો અને સાંજના આશરે સાતેક વાગ્યે બાદ કિરવા ગામથી આગળ ૩ કી.મી. આગળ રોડ ઉપર જ્યાં બનાવ બનેલ તે જગ્યાએ ગયેલ અને ત્યાં રજી નં.GJ-12-BY-4781 વાળીનો ડ્રાઈવર નીમ્બારામ બનીયારામ વાળો પણ ત્યાં હાજર હતો અને અમોને આ બનાવ શંકાસ્પદ લાગેલ જેથી અમો ડ્રાઈવરને અમારી સાથે ગાંધીધામ ખાતે લઈને આવેલ હતા અને બાદ અમોએ તેની પુછપરછ કરતા તેણે જણાવેલ કે હું કંડલાથી નિકળેલ અને બાદ સિરોહી ખાતે પોહચેલ ત્યારે મને અગાઉ મારી સાથે ડ્રાઈવર તરીકે કામ કરતો ખાનુખાન મો.નં.૯૯૨૯૪૨૫૦૭૬ તથા તથા મારો ગેરેન્ટર નિઝામખાન વાળાએ જણાવેલ કે સિરોહી પાસે આવેલ ગોદારા હોટલ વાળો તને ફોન કરશે તે કહે તેમ તું કરજે તને સારા રૂપીયા મળી જશે તેમ કહેલ અને બાદ મને સિરોહી પાસે હતો ત્યારે ગોદારા હોટલનો સુરેન્દ્ર નામનો માણસનો ફોન આવેલ અને તે હૂં ઉભેલ હતો ત્યાં આવેલ અને ગાડીમા લગાવેલ જી.પી.એસ. કાઢી લીધેલ અને મને તે ગોદારા હોટલ ખાતે લઈ ગયેલ અને તેણે મારી પાસેથી ટ્રક લીધેલ અને ગોદારા હોટલનો માલીક ભોમસિંહ તથા સુરેન્દ્ર વાળાઓ ગાડીમાંથી અંદાજીત ૫૦% કેમીકલ કાઢી લીધેલ હતુ અને બાદ તેમણે અન્ય એક ડ્રાઈવરને ગાડીમાં બેસાડેલ અને મને તેમની બીજી ગાડીમાં બેસાડેલ હતો અને બાદ કિરવા ગામથી આગળ ૩ કી.મી. આગળ પાલી તરફ જતા રોડ ઉપર ગાડીને તેમણે પલ્ટી મારેલ અને બાદ તેમાં આગ લગાડેલ હતી અને હું તે દરમ્યાન દુર ઉભેલ હતો અને બાદ હું ત્યાં સંતાઈ ગયેલ અને કોઈકે ફાયર વાળાને બોલાવેલ હતા અને આ કામના મને રૂપીયા આપવાના બાકી હતા તે મુજબની હકીકત જણાવેલ હતી અને આ ફરીયાદ મોડી કરવાનું કારણ એ છે કે અમો ઉપરોક્ત ટેન્કરની પલ્ટી ખાધા બાબતે શંકાસ્પદ લાગેલ જે બાબતે અમો તથા કંપની દ્વારા તપાસ કરતા હોઈ તેમજ આ બનાવ રાજસ્થાન ખાતે બનેલ હોઈ જેથી અમોએ ફરીયાદ મોડી કરેલ છે.

જેથી અમોએ મોકલાવેલ ટોલયન (Toluene) નામનું કેમીકલ ૨૪.૯૬૦ મેટ્રીક ટન કેમીકલ જે ૧ મેટ્રીક ટન કેમીકલની કિ.રૂ.૭૯,૫૦૦ એમ કુલ્લે ૨૪.૭૬૦ મેટ્રીક ટન કેમીકલની કિ.રૂ.૧૯,૮૪,૩૨૦/-નો કેમીકલ ભરી રજી નં.GJ-12-BY-4781 વાળી જેના ડ્રાઈવર નીમ્બારામ બનીયારામ રહે-ગામ-ટકુબેરી કમથાની તા-ગુડમલાની જિ-બાડમેર રાજ્ય-રાજસ્થાન મો.નં.૯૦૦૧૧૮૪૧૩૯ તથા ગોદારા હોટલનો માલીક ભોમસિંહ તથા સુરેન્દ્ર તથા ડ્રાઈવર ખાનુખાન સજ્જનખાન રહે-રતેઉ તા-બાયતુ જિ-બાડમેર મો.નં.૯૯૨૯૪૨૫૦૭૬ તથા નિઝામખાન રહે-ભુકાભગતસિંહ તા-સિણધરી જિ-બાડમેર મો.નં.૯૫૦૦૩૨૭૮૬ વાળાએ નિયત જગ્યાએ ન પહોચાડી વિશ્વાસધાત કરેલ હોઈ તેઓની સામે ધોરણસર થવા ફરીયાદ સાથે છે.

એટલી મારી ફરીયાદ હકીકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે.

રૂબરૂ

.......................... પોલીસ સ્ટેશન ઓફીસર

કંડલા મરીન પોલીસ સ્ટેશન

13 Action Taken : Since the above information reveals commission of offence(s) u/s as mentioned at Item No. 2:
(લીધેલ પગલાં : ઉપરના અહેવાલની ઉપરની આઇટમ નં.(2) માં જણાવ્યા પ્રમાણેનો ગુન્હો બન્યાનું જણાઇ આવતા)

(1) Registered the case and took up the investigation or(કેસની નોંધણી કરી તપાસ હાથ ધરી છે)

(2) Directed (Name of I.O.) take up the Investigation or(તપાસ કરનાર અધિકારીનું નામ):- મહેન્દ્રકુમાર કેશુજી વાઘેલા Rank(હોદ્દો):- પોલીસ સબ ઇન્સપેક્ટર
No.:- mkw010666 to take up the Investigation or(નંબર)

F.I.R. read over to the complainant/informant, admitted to be correctly recorded and a copy given to the complainant/informant, free of cost.
(પ્રથમ માહિતી અહેવાલ ફરિયાદી / બાતમીદારને વાંચી સંભળાવેલ છે અને ફરિયાદીએ લખાવ્યા પ્રમાણેજ નોંધવામાં આવે

લ છે. તેવુ ફરિયાદી / બાતમીદારે સ્વીકરેલ છે અને ફરીયાદી / બાતમીદારને તેની નકલ વિના મુલ્યે આપવામાં આવી છે.)

R.O.A.C.
(વાંચી સંભળાવવામાં આવ્યું અને તે બરાબર છે.)

Signature of Officer in charge, Police Station
(પોલીસ મથકનો હવાલો ધરાવતા અધિકારીની સહી.)

| | | | |
|---|---|---|---|
| 14 | Signature/Thumb Impression of the complainant/informant.<br>(ફરિયાદી/બાતમીદારની સહી/અંગૂઠાની છાપ) | Name (નામ) | નીલેશગર હરેશગર ગૌસ્વામી |
| | | Rank (હોદ્દો) | હેડ કોન્સ્ટેબલ |
| | | GPF No (જીપીએફ નંબર) | 00 |
| 15 | Date and time of dispatch to the court.<br>(ફરિયાદ કૉર્ટમાં રવાના કર્યાની તારીખ અને સમય) | 12/03/2024 20:15 | |